બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, બારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➯ એભલ ખાચર - મહારાજને (૪/૨૯)

➯ ધર્મધુરા ધારણ કર્યા બાદ સૌ પ્રથમવાર મહારાજ ગઢડામાં પોતાનું માની રહ્યા અને કહ્યું આ ગઢડું મારું છે ને હું ગઢડાનો છું.

૨. ➯ જૂનાગઢના નવાબ - નાગર દીવાન (નાગરોને) (૧૧/૭૮) ➯ નાગર દીવાન મારફતે નાગરોએ નવાબને કહેવડાવ્યું કે સ્વામિનારાયણ ભગવાન છે. યુધ્ધ કરીને તમારું રાજ્ય જીતી લેશે ત્યારે.

૩. ➯ મહારાજ - કુરજી દવેને (૨૬/૧૩૬)

➯ ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત બનાવ્યા પછી સભામાં બેઠેલા કુરજી દવેને મહારાજ કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ ) (કુલ ગુણ : ૬)**

૧. મૂળુ ખાચર નિર્વ્યસની થયા. (૫/૩૪) જ. વરતાલ સમૈયામાં જતાં મૂળુ ખાચરે કુસંગીની ટકોરથી હોકો છોડ્યો અને સત્સંગીની ટકોરથી તમાકુ અને અફીણ છોડ્યાં. વ્યસનની ગુલામી છોડી જીવતર સુધાર્યું.

૨. શોભારામ આંધળો થયો. (૧૦/૬૪) **જ.** સત્સંગી બળદેવભાઈના સમજાવવા છતાં અભિમાની શોભારામે કહ્યું તમારા સ્વામિનારાયણ ભગવાન સાચા હોય તો હું આઠ દહાડામાં આંધળો થઈ જાઉં. શોભારામ ચાર દિવસમાં જ આંધળો થયો.

૩. શ્રીજીમહારાજ બોલ્યા : 'સહજાનંદી કોઈ નહિ ને ?' (૧૯/૧૦૨) **જ.** સાધુઓ પોતાને મુક્તાનંદી, બ્રહ્માનંદી એમ સદ્‌ગુરુઓના નામે ઓળખાવા લાગ્યા અને ભેદ પાડ્યા. સમૈયાની સભામાં મહારાજે સૌને તમે કોના શિષ્ય ? પ્રશ્ન પૂછવા લાગ્યા. સૌએ પોતપોતાના સદ્‌ગુરુના નામ આપ્યાં ત્યારે શ્રીજીમહારાજે કહ્યું સહજાનંદી કોઈ નહિ ને ?

**પ્ર.૩** ''પંચાળામાં મંદવાડ'' (૨૦/૧૦૭) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

પંચાળામાં પહેલા ચૈત્ર માસમાં મહારાજે કહ્યું, 'અમારા કુટુંબીજનોને અમારી પાસે કેમ બોલાવ્યા ? ત્યાગીએ કુટુંબીજનોના સંબંધ મૂક્યા પછી તેની ભાળ રખાય નહિ. વળી, અમે ઘરડા થયા છીએ માટે આ દેહ હવે ઝાઝું નભશે નહિ.' એમ કહી ઉદાસી ગ્રહણ કરી મંદવાડ ગ્રહણ કર્યો. છાના રહેવા લાગ્યા. કોઈને મળતા નહિ. સૂરાખાચરને આ મંદવાડની ખબર પડતાં ત્યાં આવ્યાં. અને મહારાજે મળવાની ના પાડતાં તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. તેમનો પ્રેમ જોઈ મહારાજની આંખમાંથી આંસુ પડ્યા અને તે સ્થળ બિંદુ સરોવર કહેવાય છે. મુક્તાનંદ સ્વામીએ મહારાજને પાછળ કાંઈ મૂકતા જવાની પ્રાર્થના કરી જેથી આ લોકમાં ફેરો અફળ ન જાય. પછી મહારાજે મંદિર, સાધુ, શાસ્ત્ર અને આચાર્ય કરી સંપ્રદાયની બાંધણી કરવાનો સંકલ્પ કરી સાજા થયા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શીતળદાસને દીક્ષા આપી વ્યાપકાનંદ નામ પાડ્યું. (૧/૩)

૨. શ્રીજીમહારાજે વડતાલમાં પોતાના હાથે પોતાની મૂર્તિનું 'હરિકૃષ્ણ' નામ આપી પ્રતિષ્ઠા કરી. (૨૪/૧૨૧)

૩. જન્મથી જ મૂંગા અને અભણ જડ જેવા બ્રાહ્મણ હરિશંકર પાસે સ્પષ્ટ ઉચ્ચાર સાથે સુંદર રાગમાં ચારેય વેદના મંત્રોનું ગાન કરાવ્યું. (૮/૫૦)

૪. શ્રીજીમહારાજે કરસનજી ભાટ પાસે કુરાનની કલમો બોલાવી. (૩/૨૧)

૫. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને રાધાવિવાહ અને રુક્મિણી વિવાહનાં પદો રચવાની આજ્ઞા કરી. (૧૬/૯૧)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧. ૧, ૪ (૧૬/૯૨)    ૨. ૧, ૨ (૧/૬)**

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. લોયા (૨૦/૧૦૫)    ૨. વરતાલ (૧૪/૮૮)    ૩. અજેન યજેત્ (૭/૪૪)    ૪. અદ્‌ભુતાનંદ સ્વામી (૭/૪૩)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

> ☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ આચાર્ય મહારાજ (અયોધ્યાપ્રસાદજી) - સેવકોને (૪/૨૯)
➪ માનસીપૂજામાં મગ્ન આચાર્ય મહારાજને વીંછીએ ડંખ ભર્યો ત્યારે કહે છે.

૨. ➪ શ્રીકૃષ્ણજી અદા - જ્ઞાનજી સ્વામીને (યોગીજી મહારાજ) (૮/૬૬)
➪ પોતાની અંત અવસ્થા વખતે જ્ઞાનજી સ્વામીને પોતાની પાસે બોલાવી તેમના માથે બે હાથ મૂકીને કહે છે.

૩. ➪ શ્રીજીમહારાજ - બ્રહ્માનંદ સ્વામીને (૩/૨૫)
➪ એક સમયે શ્રીજીમહારાજ ગઢપુરમાં સંતોની જોડ બાંધતા હતા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : 'આ મૂળજી બ્રહ્મચારીની જોડ કોણ છે ?'

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. નરસિંહ પંડ્યાને નવાબે કાઢી મૂક્યો. (૧/૪)

જ. નરસિંહ પંડ્યાના બુદ્ધિ વગરના પ્રશ્નો સાંભળી તેની મૂર્ખતા જોઈ નવાબે ગુસ્સે થઈને તેને કાઢી મૂક્યો.

૨. પ્રેમાનંદ સ્વામીએ કીર્તન રચ્યું 'માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી... નથી જાતી દરબારમાંથી ઘોડી.' (૬/૪૪)

જ. મહારાજ સાથે લાડુબા, જીવુબા તથા અન્ય સ્ત્રીઓ જવા માટે તૈયાર થયા. મહારાજે ના પાડી. પછી માણકી ઘોડીને ચલાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ તે આગળ ચાલી જ નહીં. તેથી મહારાજે કહ્યું : 'આ ડોશીઓએ ઘોડીની વૃત્તિ ખેંચી રાખી છે.' તેથી તેમને સાથે આવવાની હા પાડી ત્યારે માણકી ચાલી. તેથી પ્રેમાનંદ સ્વામીએ તે ઉપર કીર્તન બનાવ્યું.

**પ્ર.૯** '' આજ્ઞાપાલક દાદાખાચર '' (૫/૩૪-૩૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

મહારાજ ઘેલામાં સ્નાન કરીને પાછા આવતાં હતા ત્યાં ટેકરા ઉપર સાધુબાવાઓને બેઠેલા જોઈ જીવાખાચરને કહ્યુંઃ આ બાવાઓ આમ ખુલ્લામાં પડ્યા રહે તે કરતાં એમને ઉતારા માટે ધર્મશાળા કે એવું કંઈ કરી આપીએ તો ઠીક. ત્યારે જીવાખાચરે કહ્યુંઃ આવા તો લંગોટિયા ઘણાય રખડતા હોય ? બધાનું આપણે ક્યાં ધ્યાન રાખીએ. આ જ વાત મહારાજે દાદાખાચરને કહી ત્યારે દાદાખાચરે કહ્યું મહારાજ ! આપણો દરબાર સાધુઓને ઉતારા માટે આપીએ. ત્યારે મહારાજે પૂછ્યું તમે ક્યાં રહેશો ? ત્યારે તેમણે કહ્યું અમે તો નદીકિનારે ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું પણ આવા ભગવાનના ભક્તને દુઃખમાં રખાય ? આમ, મહારાજનો પડ્યો બોલ અધ્ધર ઝીલવા દાદાખાચર હંમેશા તૈયાર રહેતા. તેઓ દેહની, ધનની કે કુટુંબની ફિકર કરતા જ નહિ. દાદા ખાચર મહારાજની ખૂબ સેવા કરતા અને મહારાજ પણ તેમની વારંવાર પ્રશંસા કરતા. જીવા ખાચરને આથી ઈર્ષા થતી. દાદા ખાચરને સંતાન ન હતું તેથી તેનો ગરાસ પડાવી લેવાની જીવા ખાચરને ખૂબ ઇચ્છા રહેતી. તે અરસામાં દાદા ખાચર વધારે માંદા થયા જીવાખાચરને થયું, 'દાદો મરશે અને મને ગરાસ મળશે.' અંતર્યામીપણે મહારાજે તેમનો આવો સંકલ્પ જાણી તેને ખોટા કરવા મહારાજે દાદા ખાચરને કહ્યું, 'દાદા તારો ગરાસ બહેનોને લખી આપ.' કોઈ જાતના સંશય વગર તેમણે પોતાનો તમામ ગરાસ હતો તે બંને બહેનોને લખી આપ્યો. પણ મનમાં વિચાર સરખો ન આવ્યો કે, 'અમે શું ખાઈશું ?' મહારાજે પૂછ્યું ત્યારે દાદા ખાચર કહે 'હું ભાવનગર રાજ્યમાં જઈ નોકરી કરીશ.' બંને બહેનોને કહ્યું કે, 'ગરાસ માટે ચાકરની જરૂર પડશે તો દાદાને રાખો.' દાદાને દરબારમાં રહીને બહેનોનું ગરાસ અંગેનું કામકાજ કરવાની આજ્ઞા કરી. એક વર્ષ સુધી આવું કામ દાદાએ કર્યું. વળી, એક સમયે મહારાજે બંને બહેનોને બોલાવીને કહ્યું, 'તમારે ગરાસ રાખીને શું કામ છે ? દાદાને આપી દો' એમ પાછો દાદાને જ ગરાસ સોંપી દીધો. મનની આવી આકરી કસોટીમાંથી દાદા ખાચર જેવા ઉત્તમ વિશ્વાસુ ભક્ત જ પસાર થઈ શકે, બીજા કોઈથી આવું ન થાય. દાદાને બોલાવવા મહારાજે સાદ કર્યો ત્યારે દાદાખાચરે અડધી જ હજામત થયેલી અને વાળંદને અટકાવી દીધો. માથે કપડું વીંટી મહારાજ પાસે હાજર થઈ ગયા, ત્યારે મહારાજે કહ્યું આને કેટલો અમારો વિશ્વાસ છે ? મહારાજે તેમને હજામત પૂરી કરાવવા પાછા મોકલ્યા.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. નિષ્કુળાનંદ સ્વામી કીર્તનો રચી વિષયનાં મૂળિયાં કાપે છે ને ગુણાતીતાનંદ સ્વામી વાતો કરીને કાપે છે. તેમને શાસ્ત્રની તંતી આડી આવતી નથી. (૧/૭)
૨. રોજ શ્રીજીમહારાજની મૂર્તિનાં આઠ પદ બનાવ્યા સિવાય જમવું નહિ તેવો વિશેષ નિયમ ધારણ કર્યો. (૨/૧૨)
૩. શ્રીજીમહારાજની આજ્ઞામાં રંચમાત્ર પણ ફેર પડવા ન દેવો એવો સ્વામીનો આગ્રહ હોવાથી સોનાના થાળમાં ન જમ્યા. (૪/૩૧)
૪. શ્રીજીમહારાજના અગ્નિદાહ વખતે દાદાખાચર અગ્નિમાં પડવા તૈયાર થયા. (૫/૩૯)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષયના સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઉપદેશક્રમ (ઘટનાક્રમ) પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : જાગા સ્વામીએ વાતો દ્વારા આપેલો ઉપદેશ (૭/૫૪)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૬ | ૭ | ૧૦ | ૧૨ |
| **યથાર્થ ઉપદેશક્રમ** | ૧૦ | ૭ | ૧૨ | ૪ | ૬ | ૧ |

**☞ તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઉપદેશક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ <u>તમામ</u> અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી જાગાભક્ત :** જૂનાગઢથી **સ્વામી**ની રજા લઈ **જાગા** ભક્ત **ઘેર** જતા હતા ત્યારે રસ્તામાં **ખારચિયું** ગામમાં **રાત્રે મણિધર સાપ છાપરેથી નીચે** આવ્યો ત્યારે જાગા ભક્તે કહ્યું, '**તારે માર્ગે ચાલ્યો જા.**' (૭/૪૭)
૨. **મુકુંદાનંદ વર્ણી :** ગઢડામાં (ગઢપુર) **મહારાજ સંતોની** જોડ બાંધતા હતા ત્યારે **બ્રહ્માનંદ સ્વામી**એ **પૂછયું** 'આ **મૂળજી બ્રહ્મચારી**ની જોડ કોણ ?' (૩/૨૧)
૩. **શ્રીકૃષ્ણજી અદા :** મેવાસાના **કરસનજીભાઈ**ના **પિતા ઈન્દ્રજીભાઈ**ને **સ્વામીએ ત્યાગી થઈ બ્રહ્મચારી** થવાનું કહ્યું. (૮/૬૧)
૪. **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી : સંવત ૧૯૦૮ના માગશર સુદ ૮ના દિવસે નિત્યાનંદ સ્વામીએ વરતાલમાં** આચાર્યશ્રી **રઘુવીરજી** મહારાજ, **ગોપાળાનંદ** સ્વામી, **શુકમુનિ, શૂન્યાતીતાનંદજી** વગેરે સંતોની હાજરીમાં **ભૌતિક** દેહનો ત્યાગ કર્યો. (૧/૧)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **શ્રીજીમહારાજે કરેલો સામાજિક ઉત્કર્ષ :** શ્રીજીમહારાજના સમયની રાજકીય અને સામાજિક પરિસ્થિતિનું વર્ણન કરવું - સમાજમાં પ્રર્વતેલા કુરિવાજો - બાળકીને દૂધ પીતી કરવી - સતી થવાની પ્રથા - હિંસક યજ્ઞો - બ્રાહ્મણ જેવી ઉચ્ચ જ્ઞાતિમાં પ્રવેશેલી માંસાહારની બદી - લગ્નમાં બીભત્સ ગીતોનું ગાન બંધ કરાવ્યું - સ્ત્રી કેળવણીની શરૂઆત કરાવી - બાઈ ભાઈની સભાઓ નોખી કરાવી - સદાવ્રતો આપ્યા - વાવ-તળાવના પૂતકર્મો કરાવી પુનઃજીવીત કરાવી - શિક્ષાપત્રી આપી. સામાજીક ઉત્કર્ષની સાથે આધ્યાત્મિક ઉત્કર્ષ કર્યો. (આ મુદ્દાઓને વિસ્તારથી લખવા )

૨. **આપણા જીવનમાં નિયમધર્મની આવશ્યકતા :** દરેક સાધન વાપરવાના તથા દરેક કાર્યની સફળતા માટે નિયમની આવશ્યકતા છે. નિયમ એ બંધન નથી પણ મુક્તિના સાધનો છે. સુખી થવા માટે નિયમોની આવશ્યકતા છે. ટ્રાફિકના નિયમો બરાબર પાળવાથી જીવનનું રક્ષણ થાય છે. મોટી મુશ્કેલી ટાળી શકાય છે. સરકારી કાયદાઓ તેમજ સમાજના લૌકિક નિયમો સામાન્ય જીવનમાં પણ નિયમો જરૂરી છે. કોઈપણ વસ્તુની પ્રાપ્તિ માટે તેના માટે બનાવેલા નિયમો અનુસાર જ ચાલવાથી જલ્દી પ્રાપ્તિ થાય છે. તો આધ્યાત્મિક માર્ગમાં પણ નિયમો એટલા જ જરૂરી છે. આધ્યાત્મિક

માર્ગમાં ભગવાનની પ્રાપ્તિ માટે પણ નિયમધર્મની આવશ્યકતા છે. તે માટે સમગ્ર સત્સંગ સમુદાય માટે મહારાજે શિક્ષાપત્રી અને ત્યાગી વર્ગ માટે નિષ્કામ ધર્મ અને ધર્મામૃત આપેલા છે. પ્રગટ સત્પુરુષની આજ્ઞા એ પણ એક નિયમ જ છે. તે પ્રમાણે ચાલવાથી ભગવાનની પ્રાપ્તિ સહજ રીતે થાય છે. નિયમ અનુસાર ચાલનાર મહાપુરુષોએ સફળતા મેળવી છે. (તેના પ્રસંગો તથા ગુરુ પરંપરાના પ્રસંગો.)

૩. **સુખ-દુઃખમાં સ્થિરતા રાખવાનો શ્રેષ્ઠ ઉપાય - કર્તાહર્તાપણાની સમજણ :** હિન્દુ સનાતન ધર્મનો પાયાનો સિદ્ધાંત : સર્વકર્તા ભગવાનની સમજણ છે. સર્વ સુખદુઃખમાં આ સિદ્ધાંત સહાયરૂપ છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ આ સમજ આપી છે કે ફળની આશા વગર કાર્ય કર્યે જા. ગુરુ પરંપરામાં કર્તાપણાની સમજ જોવા મળે છે. ભગતજી મહારાજ નવી હવેલીનું કામ કરતા હતા. ત્યારે કેટલાક દ્વેષીઓ ચૂનાના કોથળા તેમના પર ચડાવવાને બદલે જોરથી ફેંકતા ત્યારે તેનામાં રહી સ્વામી જ કસોટી કરે છે. તેવી જ સમજણથી કાર્ય કરતા. શાસ્ત્રીજી મહારાજને પણ ઉપાસનાના પ્રવર્તનમાં આવેલી મુશ્કેલીઓમાં પણ તે દુઃખને ન ગણકારતા પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું અને ઉપાસનાના મંદિરો ઊભા કરી દીધા. લંડન મંદિરની જમીન મેળવવા માટે પ્રમુખ સ્વામી મહારાજે, સંતો-હરિભક્તોએ ખૂબ પ્રયત્નો કર્યા પણ જ્યારે ચુકાદો આપણા વિરુધ્ધમાં આવ્યો ત્યારે સંતો-હરિભક્તોને સાંત્વન આપ્યું કે દરેક કાર્ય શ્રીજીમહારાજ જ કરે છે. તેમની ઈચ્છા પ્રમાણે જ થાય છે. કોઈ કાર્યના ધણી થવાનું જ નહિ. પ્રેમાનંદ સ્વામીએ પણ પોતાના પદમાં લખ્યું કે ‘મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય’. સામાન્ય ભારતીયની પણ મોટી સમજણ ભગવાનને ગમ્યુ તે ખરું. તેનાથી કુટુંબ, સમાજ, દેશના પ્રશ્નોનો ઉકેલ છે. તેનાથી માનસિક શાંતિ, દુઃખમાં સહન કરવાની શક્તિ અને સુખમાં ધૈર્ય ધારણ કરવાનું બળ મળે છે. એક ભગવાનના બળે જ પાર ઉતરાય. (અહીં બીજા પ્રસંગો, દ્દષ્ટાંતો ઉમેરી શકાય છે.)

❑ ❑ ❑